સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

# શ્રી કચ્છી વિશા ઓશવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજનવાડી, ૩જે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ, મું.-૯. ફોન : ૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, E-mail.:ksevasamaj@gmail.com - Website : www.kvoss.org

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ
## સંજીવની સ્વાસ્થ્ય યોજના – ૨૦૧૮

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજે સમાજમાં મેડીકલ ઈન્સ્યુરન્સ ક્ષેત્રે જાગૃતિ લાવવા સમાજના આમ આદમીને વૈદકીય ક્ષેત્રે સ્વાવલંબી બનાવવા અને સમાજની અન્ય સંસ્થાઓ ઉપર વૈદકીય રાહતનો બોજ ઘટાડવા શરૂ કરેલ આ ઝુંબેશ ધૈર્ય પુર્ણ ૨૨માં વર્ષમાં પ્રવેશી રહી છે.

સમાજના સ્તરે કોઈ યોજના ૨૨ વર્ષથી સતત ચાલુ રહી નથી. આપણાં જૈન સમાજ માટેની યોજનાનું કડવો અનુભવ આંખની સમક્ષ છે.

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ અને એના કાર્યકરો ઈન્સ્યુરન્સના નિષ્ણાંતો નથી અને તેઓ દાવો પણ કરતા નથી એમને વ્યવસાહીક નિષ્ણાંતો દ્વારા મળેલ સલાહને અનુસરી સમાજની જરૂરીયાત નજર સમક્ષ રાખી નિર્ણય લેવાય છે. સેવા સમાજ ધંધાદારી સંસ્થા નથી છેલ્લા ૨૨ વર્ષોમાંથી ૨૦ થી વધુ વર્ષ આપણાં વિમાના ક્લેઈમનું પ્રમાણ આપણે ભરેલ કુલ વિમાના પ્રીમીયમ કરતાં ઘણો જ વધુ છે, છતાં પણ સમાજના અદના આદમીને ધ્યાનમાં લઈ અમો આ પોલીસી કોઈ પણ જાતના વધારાના પ્રીમીયમ વગર ચાલુ રાખી શક્યા છે.

આ વધુ પડતા ક્લેઈમનું પ્રમાણ આપણી પોલીસીમાં વધુ પડતી પોલીસીમાં નાની શ્રેણીની છે અને તેઓ સારવાર મોટી પોલીસીની જેમ લે છે. મોટી શ્રેણીની પોલીસી લેવાનું પ્રમાણ ઘણો જ ઓછો છે.

અમો અમને મળતી માહીતી અને સલાહો અનુસાર વર્તમાન પ્રવાહો ને ધ્યાનમાં લઈ આજ પોલીસી સમાજનાં હીતમાં ચાલુ રાખવાનું નિર્ણય લીધેલ છે.

આપણાં સમાજના વ્યક્તિઓને સુરક્ષા કવચ પુરૂ પાડવા શરૂ થયેલ આ પોલીસીમાં આ વર્ષે થોડા પડકારો આવ્યા પણ આપણી સંગઠીત શક્તિને કારણે આવા પડકારો આપણે સરળતાથી પાર પાડી શક્યા છીએ. આવી શક્તિને કાયમની પ્રજ્વલિત રાખવા સંસ્થાના પ્રયત્નોને સહકાર આપી ''સંપ'', ''સંગઠન'', સહયોગથી, સફળતાની ક્ષિતિજો સર કરવા યતન કરવા વિનંતી.

લિ.

**શ્રી ક.વિ.ઓ.સેવાસમાજ પરિવાર**

(CLB-10883)